કામધેનુ યુનિવર્સિટી
અમારું ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ

ડૉ. ભાવિક એન. પટેલ,
નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

dsw@ku-guj.com
૭૫૭૩૦૩૫૧૦૮

વંચાણે લીધા: અત્રેની કચેરીની તા.૧૮.૦૧.૨૦૨૧ ની નોંધ પર માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી

# પરિપત્ર

આથી કામધેનુ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને જણાવવાનું કે, તા.૨૬ જાન્યુઆરી,૨૦૨૧ ના રોજ ૭૨મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત ઉજવણીમાં કામધેનુ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને નીચે જણાવેલ સ્થળે યોજવામાં આવનાર કાર્યક્રમમાં COVID-19 ની વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખી અનુકુળતા મુજબ સહભાગી થવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

કાર્યક્રમ: ધ્વજવંદન કાર્યક્રમ
સ્થળ : કામધેનુ યુનિવર્સિટી પરિસર,
ગાંધીનગર
સમય: સવારે ૮.૦૦ કલાકે

ધ્વજવંદન કાર્યક્રમની રૂપરેખા:

- માન. કુલપતિશ્રીના હસ્તે ધ્વજારોહણ
- રાષ્ટ્રગાન
- માન. કુલપતિશ્રીનુ ઉદ્દ્‌બોધન
- વંદે માતરમ ગાન

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહેનાર સર્વે કર્મચારી/ અધિકારીશ્રીઓએ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ નોવેલ કોરોના વાઈરસ (COVID-19) મહામારીને લગતી માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવાનું રહેશે. સદર કાર્યક્રમના સ્થળ પર દરેક વ્યક્તિએ ફેસ માસ્ક પહેરીને આવવાનું રહેશે. તેમજ બે વ્યક્તિ વચ્ચે બે મીટરનું અંતર જાળવવાનું રહેશે. નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણને ધ્યાને રાખી નાના બાળકો અને મોટી ઉંમરના વ્યક્તિઓ (સિનિયર સિટીઝન) આ રાષ્ટ્રીય પર્વ ઘરે રહીને ઉજવે તે ઇચ્છનીય છે.

આ પરિપત્ર અત્રેની કચેરીની નોંધ પર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી કરવામાં આવે છે.

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

જા.નં. કાયુ/નિ.વિ.ક.પ્ર/યુ-૫/પ્રજાસત્તાક દિન/ 18 /૨૦૨૧ તા.૧૮.૦૧.૨૦૨૧

નકલ સવિનય રવાના જાણ સારૂ:
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ તરફ
૨. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર
૩. નિયામકશ્રી, આઈ.ટી., કા.યુ., યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવા સારૂ